# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
# ગૂજરાત વિદ્યાપીઠ
# રાંધેજા, ગાંધીનગર

## પ્રવૃત્તિ અહેવાલ

## શતાબ્દી વન

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે કેન્દ્ર ખાતે ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના દિવસે એટલે કે ૧૮ ઓક્ટોબરના રોજ માનનીય કાર્યકારી કુલસચિવશ્રી ભરતભાઈ જોષી અને માનદ વિસ્તરણ નિયામકશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીની હાજરીમાં શતાબ્દી વન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં વિવિધ પ્રકારના ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ.







## સમૂહ પ્રાર્થના

શતાબ્દી વર્ષ અંતર્ગત જીલ્લાના પસંદ કરેલા ગામો મોટી આદરજ, જલુંદ, ગોલથરા અને અરજણજીના મુવાડા ગામોમાં સમૂહ પ્રાર્થના, ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીજી તેમજ શતાબ્દી વર્ષ અંતર્ગત કરવાની થતી કામગીરીઓના આયોજન અંગે ચર્ચા કરવામાં આવેલ. આ કાર્યક્રમોમાં કૂલ ૧૪૧ ગ્રામજનો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમો ઉપસ્થિત ગ્રામજનોને પ્રાર્થના પુસ્તિકાનું વિતરણ કરવામાં આવેલ.





## પદ્ધતિ નિદર્શન

ખેડૂતો આધુનિક તકનીકોની કાર્ય પદ્ધતિ જીવંત નિહાળી શકે તે હેતુથી વેસ્ટ ડીકમ્પોઝર અને ઘાસચારા કાપવાના સાઈથ યંત્રના કૂલ ૩ પદ્ધતિ નિદર્શનો યોજવામાં આવેલ. આ કાર્યક્રમોમાં કૂલ ૮૫ જેટલા ખેડૂત ભાઈઓ, મહિલાઓ અને વિધાર્થીઓએ ભાગ લીધેલ અને તકનીકોના પદ્ધતિ નિદર્શનોને જીવંત નિહાળેલ.




## સજીવખેતી તાલીમ

કેન્દ્ર દ્વારા જીલ્લાના મોતીપુરા અને અરજણજીના મુવાડા ગામોના ખેડૂતોને સજીવખેતી વિષય અંતર્ગત ગ્રામ્ય તાલીમ આપવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં કૂલ ૨૨ ખેડૂત ભાઈઓ જોડાયેલ જેમાં સજીવખેતીમાં વપરાતા વિવિધ જૈવિક ઘટકો જેવા કે વર્મીકમ્પોષ્ટ, કમ્પોષ્ટ, વેસ્ટ ડીકમ્પોઝર, જીવામૃત વગેરે બનાવવાની પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.





## બંધારણીય કાયદા જાગૃતતા કાર્યક્રમ

કેન્દ્ર દ્વારા જીલ્લાના ગોલથરા ગામ ખાતે ખેડૂતોને કૃષિ સંબધિત કાયદાઓ અને મૂળભૂત ફરજો અંગે જાગૃત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કૂલ ૩૬ ખેડૂત ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેલ.



## ન્યુઝપેપર કવરેજ

શતાબ્દી વર્ષ અંતર્ગત કે.વિ.કે દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમોની જુદા જુદા સામાયિક પત્રોમાં નોંધ લેવામાં આવેલ.



### રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિવસની ઉજવણી



મહાત્મા ગાંધી દ્વારા ૧૮ ઓક્ટોબર ૧૯૨૦માં સ્થાપીત ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ અને ૧૦૦માં વર્ષમાં પ્રવેશ એટલે કે શતાબ્દી વર્ષ ઉજવણી કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે 'શતાબ્દી વન' બનાવવામાં આવેલ જેમાં વિવિધ જાતોના ૧૦૦ ફળઝાડો નું વાવેતર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માનદ વિસ્તરણ નિયામક રાજેન્દ્રભાઈ ખીમાણી અને કુલસચિવ ભરતભાઈ જોશીના હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવેલ. કેન્દ્રના નિષ્ણાતો દ્વારા આદરજ અને જલુંદ ગામોમાં સમૂહ પ્રાર્થના અને ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીજી વિષય પર માહિતી આપવામાં આવેલ. આ કેન્દ્ર દ્વારા શતાબ્દી વર્ષ દરમિયાન જીલ્લાના પાંચ ગામોમાં ગાંધી વિચારો જેવા કે સ્વચ્છતા, વ્યસન મુક્તિ, પ્રાથના, આરોગ્ય તેમજ કૃષિ સંબંધિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.





ગુજરાત વિદ્યાપીઠના સ્થાપના દિવસ અને શતાબ્દી વર્ષ ઉજવણી અંતર્ગત રાંધેજા ખાતે શતાબ્દીવનનું નિર્માણ કરવામાં આવ્યું છે અને વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.